# પાટણ જિલ્લામાં વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી





પાટણ, તા.૧૩

પાટણ જિલ્લામાં ૧૧ જુલાઈ-૨૦૧૨ના રોજ વિશ્વ વસ્તી દિન ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાટણ જિલ્લા કલેકટરશ્રી જે.જી. હિંગરાજીયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિશંકર ઉપસ્થિત રહયા હતા.

પાટણ જિલ્લામાં ૧૧ જુલાઈ-૨૦૧૨ના રોજ વિશ્વ વસ્તી દિન ઉજવણીના ભાગરૂપે તા. ૧૧/૦૭/૨૦૧૨ થી તા. ૨૪/૦૭/૨૦૧૨ દરમ્યાન વિશ્વ વસ્તી પખવાડીયું ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૨/૦૭/૨૦૧૨ના રોજ રાધનપુર, સમી, સાંતલપુર તાલુકાની ઉજવણી રાધનપુર ખાતે અને તા. ૧૩/૦૭/૨૧૨ના રોજ પાટણ, સિધ્ધપુર, ચાણસ્મા અને હારીજ તાલુકાની ઉજવણી પાટણ ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ -સંગે જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સને ૧૯૮૭ની ૧૧ જુલાઈએ વિશ્વની વસ્તી ૩ અબજ હતી. જેના ભાગરૂપે આ ઉજવણી કરાઈ રહી છે. વિશ્વમાં ભારતમાં વસ્તીનું -માણ વધારે છે. વસ્તી વધારાથી દેશના વિકાસ પર માઠી અસર થાય છે. વસ્તી વધારાથી મોંઘવારીનું -માણ વધે છે અને બેરોજગારીનું પણ -માણ વધે છે. દેશના વિકાસ માટે સહભાગી થવા વસ્તીના વધારા પર નિયંત્રણ રાખવું જરૂરી છે. દીકરા-દીકરીના ભેદભાવ ભુલી જવા પડશે.

આ -સંગે જિલ્લા કલેકટરશ્રી જે.જી. હિંગરાજીયાએ જણાવ્યું હતું કે, વસ્તીનું -માણ વધતું અટકાવવા માટે બહેનોએ સમાજમાં આગળ આવવું પડશે. વસ્તી વધશે તો આરોગ્યને મોટું નુકશાન થશે. ધરતી ઉપર શાકભાજી, અનાજ, રહેઠાણ અને રોજગારીનું -માણ ઘટી જશે. વિશ્વમાં એશિયાના દેશોમાં વસ્તીનું -માણ વધી રહયું છે. વસ્તીનો ઘટાડો કરવા માટે લોકોને જાગૃત કરવા માટે આ -યાસ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિશંકર, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી કાન્તીભાઈ દેસાઈ, કારોબારી સમિતિના ચેરમેનશ્રી -ધાનજી ઠાકોર, તાલુકા પંચાયતના -મુખશ્રી -કાશભાઈ પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ટી.વી.ભાલોડીયા, અધિક આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ટી.કે.સોની, આશા વર્કર બહેનો, ફીમેલ હેલ્થ વર્કરો અને સુપરવાઈઝર બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## હિંમતનગર તાલુકા મહિલા મોરચા સંમેલન યોજાયું

હિંમતનગર, તા.૧૩

હિંમતનગર તાલુકા મહિલા મોરચા દ્વારા હિંમતનગર તાલુકાના રાજપૂર ગામે મહિલા સંમેલન રાખવામાં આવ્યું હતું. પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી કુ.કૌશલ્યા કુંવરબા પરમાર તેમજ તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતિ મંજુલાબા ઝાલા, મહામંત્રી શ્રીમતી સીતાબેન રાવળના અધ્યક્ષતામાં મહિલા સંમેલનની બેઠક યોજાઈ હતી.

મહિલા સંમેલનની બેઠકમાં રાજપૂર ગામની તથા આજુબાજુ ગામની ૧૫૦ મહિલાઓએ ભાગ લીધો હતો. કું.કૌશલ્યા કુંવરબાએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં થયેલા વિકાસની જાણકારી આપી હતી. કાર્યક્રમને તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ મંજૂલાબા તથા તાલુકા મહિલા મહામંત્રી સીતબેન રાવળે ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

# માણસા ટ્રાફિક પોલીસ દ્વારા ‘ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ’ યોજાયો



(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા)

માણસા, તા.૧૩

દેશમાં દિન પ્રતિદિન અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે જેમાં લાખો લોકો મોતના મુખમાં ધકેલાઈ જતા તેના પરીવારની હાલત ભારે દયનીય બનતી હોય છે. જેના માટે લોકોમાં જાગૃતિ આવે તેથી માણસા ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકોને માર્ગદર્શન આપવા માટે ‘ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ’ યોજાયો હતો.

આ ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામના પ્રારંભે જિલ્લા ટ્રાફિક પી.આઈ. ગામીત દ્વારા ટ્રાફિકના નિયમો તેમજ જરુરી કાળજી રાખવી અંગે ભાર મૂકયો હતો અને ખાસ હેલ્મેટ પહેરવા, સીટ બેલ્ટ બાંધવા અને ચાલુ વાહને મોબાઈલ પર વાત ન કરવા અનુરોધ કર્યો હતો જયારે કલોલ ડી.વાય.એસ.પી. ઉષા રાડાએ પણ જિલ્લામાં વર્ષ દરમિયાન થતા અકસ્માતોના આંકડા અને જરુરી સાવચેતી ના પગલા લેવા જણાવ્યું હતું. જયારે યુવાનોને યોગ્ય સ્પીડમાં બાઈક અથવા કાર ચલાવવા અનુરોધ કર્યો હતો અને તમામ ટ્રાફિક નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે ટ્રાફિક પોલીસના જવાનો એ. પી. એમ. સી.ના ચેરમેન મહેશભાઈ પટેલ, પી.એફ. દવે સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતાં.

# ઔડાની બસ પલ્ટી : આઠને ઈજા

## બાઈકને અડફેટે લીધા બાદ પલ્ટી ખાઈ જતાં બનાવ બન્યો
## ઈજાગ્રસ્તો સારવાર માટે ગાંધીનગરની સિવીલમાં દાખલ



અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સંચાલિત ફ્રી લકઝરી બસ આજે બપોરે અડાલજ પાસે બાઈકને અડફેટે લીધા બાદ પલ્ટી ખાઈ જતાં ૮ જેટલી વ્યક્તિઓ ઘાયલ થવા પામી હતી. અકસ્માતના આ બનાવમાં આઠ મુસાફરોને નાની-મોટી ઈજા થવાની તેઓને સારવાર અર્થે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે તેનો ચાલક નાસી છૂટયો હતો. અડાલજ પોલીસ બનાવની જાણ થવાના પગલે સ્થળ પર દોડી ગઈ હતી. સરખેજ તરફથી અડાલજ આવી રહેલી ઔડાની ફ્રી લકઝરી બસે છેલ્લા સ્ટોપ પર પહોંચે તે પહેલા અડાલજ પોલીસ સ્ટેશનની સામે હાઈ-વે પર સાઈડમાં પડેલા એક બાઈકને ઠોકર માર્યા પછી બસ ચાલકે સ્ટીયરીંગ વ્હીલ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રોડ પરથી નીચે ઉતરી જવાની સાથે એક પછી એક ત્રણ પલ્ટી ખાઈ ગઈ હતી. આ સાથે બસમાં બેઠેલા મુસાફરોની ચીચીયારીઓથી રોડ ગાજી ઉઠયો હતો. રસ્તે પસાર થતાં સંખ્યાબંધ વાહનો ચાલકો ઉભા રહી ગયા હતા. બીજી બાજુ બસનો ચાલક માર પડવાની બીકથી નાસી છૂટ્યો હતો. સ્થળ પરથી કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા આવી પહોંચેલી એમ્બ્યુલન્સમાં બેસાડીને ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસોડવામાં આવ્યા હતા.



કાંકરેજ તાલુકાના દુગ્રાસણ ગામ પાસે પેસેન્જર ભરીને જતી જીપને અચાનક પાછળથી પાલનપુર જાખોત્રા બસે ટક્કર મારતાં જીપમાં બેઠેલા ૧૨ જેટલા વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માતની જાણ થતાં તાત્કાલિક સ્થાનિક સેવાભાવીજનોએ ઘાયલ વ્યકિતઓને દવાખાને દાખલ કર્યા હતા. ૧૨ વ્યકિતઓમાંથી ૬ વ્યકિતઓને પાટણ રીફર કર્યા હોવાનું જાણવા મળ્યું છે. જીપમાં બેઠેલી વ્યકિતઓમાં ભાવનાબેન મુકેશભાઈ ચૌધરી, મુકેશભાઈ ધનરાજભાઈ ચૌધરી, ગીતાબેન પ્રકાશભાઈ પટેલ, ગીતાબેન જયંતિલાલ પટેલ, જગદીશભાઈ શામાભાઈ ઠાકોર, રમેશભાઈ જેસંગભાઈ ઠાકોર, પ્રકાશભાઈ રાજાભાઈ પટેલ, નીકિતાબેન દિલીપભાઈ નાઈ, રાજુભાઈ લીલાભાઈ ઠાકોર, પ્રકાશભાઈ રાજાભાઈ ઠાકોર, સવજીભાઈ રાજુભાઈ ઠાકોર તેમજ રમેશજી મદારજી ઠાકોરને ઈજાઓ થવા પામી હતી. (તસવીર : રામજીભાઈ રાયગોર, કાંકરેજ)

# વરસાદના સારા રાઉન્ડ બાદ રાજ્યના બંધમાં પાણી વધ્યું

અમદાવાદ, તા. ૧૩

ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઉલ્લેખનીય વરસાદ પડી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે રાજયના બંધમાં સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. ઉલ્લેખનીય વરસાદના લીધે માત્ર પારો નીચે ગગડ્યો નથી બલ્કે મુખ્ય સિચાઈ બંધમાં પાણીની નવેસરના આવક પણ થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ ગુજરાતમાં ૨૦૨ સિંચાઈના બંધમાં કુલ સ્ટોરેજ ક્ષમતા સામે ૨૯.૧૩ ટકા પાણી આવી ચુક્યું છે. સિંચાઈ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં ખૂબ જ રસપ્રદ બાબતનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આમા જણાવવામાં આવ્યુ છે કે ગયા વર્ષની સરખામણીમાં આ બંધમાં ૧.૫ ટકા વધુ પાણી આવી ગયું છે. મોટા બંધમાં નવેસરની પાણીની આવક થઈ છે. સાબરમતી નદી પર બનાવવામા આવેલા મહેસાણામાં ધરોઈ બંધમાં નવેસરની પાણીની આવક થઈ છે. આ બંધ ૧૩૩૮૩ ક્યુસેક પાણીનો પ્રવાહ ધરાવે છે. ધરોઈ બંધ તેની કુલ સ્ટોરેજ ક્ષમતાની સરખામણીમાં બુધવારે ૨૬ ટકા પાણી હતુ પરંતુ ગુરુવારે તેમાં ૩૦ ટકા પાણી હતું. બીજી બાજુ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ બંધમાં પણ નવેસરના પાણીની આવક થઈ છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ૭૭.૭૫ ટકા પાણી ધરાવે છે. સિંચાઈ અધિકારીઓનું કહેવું છે કે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં બંધમાં પાણીની સપાટી વધી છે.



ખેડબ્રહ્માના લક્ષ્મીપુરાથી દામાવાસ કંપા તરફ જવા માટેના મુખ્ય માર્ગની પહેલા વરસાદે જ પોલ ખોલી નાખી છે અને મુખ્ય માર્ગની ઉપર બનાવેલ નવીન પુલની બન્ને સાઈડો ધોવાઈ જવા પામી છે. પરિણામે દામાવાસ કંપા, દામાવાસ ગામ, રવિપૂરા કંપા, દેવીનગર સહિતના ગામના વિદ્યાર્થીઓ અને ધંધા રોજગાર અર્થે જતા શ્રમિકો તથા જીવન જરૂરીયાતની વસ્તુઓ લેવા મુકવા આવતા વાહનોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે ત્યારે લોકો રોષે ભરાયા છે.

## અલંગમાં આવતા જહાજોને બોર્ડીંગ બીચીંગ મંજૂરી નહીં

અમદાવાદ, તા.૧૩

દેશના જહાજવાડામાં ભંગાવવા માટે આવતા જોખમી જહાજોને પ્રવેશબંધી અંગેના સુપ્રીમ કોર્ટના આદેશને પગલે ભાવનગરના અલંગમાં આવતા જહાજો માટે કસ્ટમ વિભાગે ગઈકાલે બપોરથી એકાએક કામગીરી બંધ કરી દેવાતા અલંગનો શીપબ્રેકીંગ ઉદ્યોગ કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાવનગરના કસ્ટમ વિભાગે અલંગમાં લાંગરતા જહાજોના બોર્ડીંગ, બીચીંગ, એન્કરીંગ અને બીલ ઓફ એન્ટ્રીના કામો બંધ કરી દેતા આજે શીપ બ્રેકરો કસ્ટમ કચેરીએ દોડી ગયા હતા. કસ્ટમના આસી. કમિશનર મોનીસિંગદાસે એવું કહ્યું હતું કે, જ્યાં સુધી વડી કચેરીએથી કોઈપણ જાતની કાર્યવાહી કરીશું નહીં. આ અંગે શીપબ્રેકર્સ એસો.ના નીખિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ અલંગ શીપયાર્ડ માટે ખૂબ જ હકારાત્મક વલણ ધરાવે છે પરંતુ દરેક સરકારી વિભાગના અધિકારીઓ પોત-પોતાની રીતે સુપ્રીમ કોર્ટના આદેશોનું અર્થઘટન કરે છે.

## ટૂંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગરની કચેરી ખાતે સરકારશ્રીના કામકાજ સબબ ટપાલોના કુરીયર સર્વિસની સેવાઓ મેળવવા માટે વાર્ષિક ભાવ કરાર કરવાના થાય છે જે માટે રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૨૩/૭/૨૦૧૨ સુધીમાં કચેરી કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ કલાકે થી ૪-૦૦ કલાક દરમિયાન વહીવટી અધિકારી નેશનલ રૂરલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટની કચેરી, ગવર્મેન્ટ ડીસ્પેન્સરી, સેકટર-૫/સી, ગાંધીનગરની કચેરીએથી અરજી સાથે "આર.સી.એચ. પ્રોગ્રામ સબ કમીટી, સ્ટેટ હેલ્થ સોસાયટી"ના નામનો રૂ. ૫૦૦/- (રૂપીયા પાંચસો પૂરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા. ૩-૮-૨૦૧૨ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે.

સહી/-
સભ્ય સચિવ (સ્ટેટ હેલ્થ સોસાયટી) અને
અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર

માહિતી/૮૩૧/૧૨-૧૩

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ, બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન